# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડલ જી કે જનરલ હોસ્પિટલલ સામેલભુજ
ફોન: ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્ષ:૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

નં:કેસી/સીજીઆરએફ/૨૦૧૯ № 142 તારીખ: 13 SEP 2019

રજી. એ. ડી. દ્વારા

પ્રતિશ્રી,
સુરેશ જી. ગુરનાની,
મે.પેકવેલ પ્લાસ્ટિક એન્ડ પેકેજિંગ,
પ્લોટ નંબર-૧૩૭, સેક્ટર-૧,કાસેઝ
તા- ગાંધીધામ- કચ્છ, મોબાઇલ નંબર:- ૭૦૬૯૨ ૦૧૬૦૦/૯૯૭૮૭ ૨૦૩૬૯

વિષય :– કેસ નંબર પીજી ૦૨/૦૦૧/૨૦૧૯-૨૦
સંદર્ભ :- આપની અરજી નોંધણી નં. પીજી ૦૨/૦૦૧/૨૦૧૯-૨૦

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારું.

(એસ એન વહોનીયા)
કન્વીનર
ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભૂજ.

બિડાણ-ઉપર મુજબ
(૧) અધિક્ષક ઈજનેર, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, અંજાર
(૨) કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ગાંધીધામ
(૩) નાયબ ઈજનેર, પીજીવીસીએલ, પેટાવિભાગીય કચેરી, કાસેઝ (KFTZ)

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન:- ૦૨૮૩૨-૨૫૩૫૫૦ફેક્સ:- ૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

નં કેસી/સીજીઆરએફ/૨૦૧૯/ № 142

તારીખ: 13 SEP 2019

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-02-001-2019-20.

અરજદાર: શ્રી સુરેશ જી. ગુરનાની
મેસર્સ પેકવેલ પ્લાસ્ટિક એન્ડ પેકેજિંગ
પ્લોટ નંબર-૧૩૭, સેક્ટર-૧
કાસેઝ, ગાંધીધામ, જિ.-કચ્છ.

રજૂઆત કરનાર: અરજદારશ્રી પોતે હાજર છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યપાલક ઇજનેરશ્રી, પીજીવીસીએલ,વિભાગીય કચેરી,ગાંધીધામ

રજૂઆત કરનાર: શ્રી એચ.બી.રાખોલિયા,કાર્યપાલક ઈજનેરશ્રી,પીજીવીસીએલ,વિભાગીય કચેરી,ગાંધીધામ

## :: ફોરમ ::

૧) શ્રી જે.બી.પારેખ, કાર્યવાહક ચેરપર્સન
૨) શ્રીમતી એન એચ જોષી, સ્વતંત્ર મેમ્બર

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ., વર્તુળ કચેરી. ભુજ.

તારીખ: ૨૯/૦૮/૨૦૧૯

# :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી સુરેશ જી. ગુરનાની , ગામ-ગાંધીધામ જી-કચ્છ મધ્યે રહે છે અને અરજદારશ્રીને તેઓની અનામત રકમ પરત લેવા માટે ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ ફરિયાદ કરેલ છે.

૧.૧ સદર કેસની રજૂઆત નીચે મુજબ છે.

૧.૨ અરજદારશ્રીના જણાવ્યા મુજબ પીજીવીસીએલ કચેરીમાં વીજજોડાણ આપતાં પહેલા અનામત રકમ જમા કરાવવી પડે છે અને ત્યારબાદ વીજજોડાણ આપવામાં આવે છે.

૧.3 અરજદારશ્રીને પીજીવીસીએલ કચેરી તરફથી ભાવપત્રક આપેલ છે. જેમાં તેઓશ્રીને અનામતની રકમ રૂ.૧,૦૭,૧૮૫/-માંથી રૂ.૮3,300/- બાદ કરીને રૂ. ૨૩,૮૮૫/- બતાવેલ છે. જે અમોએ તા. ૧૪/૦૭/૨૦૦૬ના રોજ રસીદ નંબર – ૩૨૦૩૪૨થી ભરેલ છે. જેમાં અરજદારશ્રીના રૂ. ૮૩,૩૦૦/- રકમ માઈનસ કેમ કરી તે રકમનો ચોખ્ખો ખુલાસો કરશો તેમ જણાવેલ છે.

૧.૪ અરજદારશ્રીની અનામત રકમ રૂ. ૨૩,૮૮૫/- જે તેઓએ તા. ૧૪/૦૭/૨૦૦૬માં ભરેલ હતી. જે રકમ તેઓને પચાસ ધક્કા ખવડાવ્યા પછી ૨૦૧૬ માં પરત આપેલ છે જેના પર વ્યાજ આપવું જોઈએ.

૧.૫ અરજદારશ્રીના જણાવ્યા પ્રમાણે અનામત રકમ પીજીવીસીએલ કચેરીમાં રજીસ્ટર બનાવવામાં આવેલ છે. જે હવેથી તમામ કોમ્પ્યુટરાઈઝ્ડ થઇ ગયેલ છે માટે આ અનામતની રકમ કેટલા અંશે સાચી હશે.

૧.૬ પીજીવીસીએલમા દરેક બીલ ઉપર જ્યારથી જીઈબીના સમયથી અનામતની રકમનું એક કોલમ આપેલ છે. લગભગ ૫૦ થી ૬૦ વર્ષની પણ તમે તેમાં મેન્શન કરતા નથી જે તમારી સેવામાં મોટી ખામી કહેવાય.

૧.૭ અરજદારશ્રીને તેઓએ ભરેલ અનામત રકમ રૂ. ૮૩,૩૦૦/- પીજીવીસીએલ કચેરી ક્યાંથી લઈ આવ્યા તેનો વિગતવાર ખુલાસો કરવાની માંગણી કરેલ છે.

૧.૮ આમ અરજદારશ્રી .ઉપરોક્ત જણાવ્યા મુજબ રૂ.૮૩,૦૦૦/- જે અનામત રકમ પરત આપવા માટે અમોને લેખિત અને મૌખિક જાણ કરેલ છે. સદર અનામત રકમ પરત આપવા માટે અમોએ ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૧.૯ અરજદાર દ્વારા તા. ૩૦/૦૮/૨૦૧૯ના રોજ અરજદાર તરફથી ફોરમને આપવામાં આવેલ ડોક્યુમેન્ટ્સ વંચાણે લીધેલ છે.

# :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી સુરેશ જી. ગુરનાની, ગામ- ગાંધીધામ અનામત પરત મેળવવા બાબત ફરિયાદ ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમમાં અરજી કરેલ છે.

૨.૧ અરજદારશ્રી ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમમાં વીજ ગ્રાહક નં. ૮૬૮૦૮/૦૦૧૫૯/૬ ઔદ્યોગિક વીજ્જોડાણ ૭૦ કિલોવોટ જે કાયમી ધોરણે કપાઈ ગયેલ છે. જે વીજ્જોડાણ પેટે ભરેલ અનામત રકમ પરતની અરજદારની માંગણી અનુસાર તેઓને પરત આપી દીધેલ છે.

| વિગત | અનામત | રસીદ નંબર |
|---|---|---|
| નવું વીજ્જોડાણ | ૮૪૦૦ | ૩૦૫૬૬/૧૭.૦૧/૧૯૯૭ |
| લોડ વધારો | ૨૩૮૮૫ | ૩૨૦૩૪૨/૧૪-૦૭-૨૦૦૬ |
| કુલ્લ ભરપાઈ થયેલ રકમ | ૩૨૨૮૫ | |

૨.૨ અરજદારના બાકી રહેતા એરીયર્સમાંથી સીક્યુરીટી ડીપોઝીટ ઉપરનું વ્યાજ જમા આપ્યા બાદ બાકી રહેતી એરીયર્સ રકમમાંથી પીજીવીસીએલ પાસે જમા સીક્યુરીટી ડીપોઝીટની રકમમાંથી બાદ કરતાં કુલ રૂ. ૭૩૫૩.૭૩ થતી હતી. જે અરજદારશ્રીની માંગણી પ્રમાણે ગ્રાહકના હાલના ગ્રાહક નંબર – ૮૬૮૦૮/૧૦૨૪૯/૦માં તા. ૦૯/૦૫/૨૦૧૯ના રોજ જમા આપેલ છે.

૨.૩ અરજદારશ્રીએ જે રકમ અનામત તરીકે ભરેલ હતી તે તેઓશ્રીના હાલના ગ્રાહક ખાતામાં જમા આપેલ છે. તે સિવાય કચેરીના રેકોર્ડ પ્રમાણે અન્ય કોઈ અનામત રકમ ભરેલ નથી.

૨.૪ અરજદારશ્રીના લોડવધારાના ભાવપત્રક નંબર -૪૩ તા. ૦૩/૦૭/૨૦૦૬માં જે રકમ રૂ. ૨૩.૮૮૫ અનામત રકમ લખેલ છે. જે લોડ વધારા માટે ભરવાપાત્ર થતી રકમ તરીકે દર્શાવે છે. જે અરજદારશ્રીએ ભરેલ છે તેમજ રૂ. ૧.૦૭.૧૮૫ - રૂ. ૮૩,૩૦૦ ની રકમ એ સમયે વીડીએસ સ્કીમ મુજબ આપના લોડ મુજબ ભરવાપાત્ર અનામતની ગણતરી માટેની માત્ર વિગત છે.

૨.૫ અરજદારશ્રીની અનામતપેટે ભરેલ રકમ રૂ. ૮૪૦૦+૨૩૮૮૫ કુલરૂ. ૩૨,૨૮૫ પરત આપી દીધેલ છે. આ સિવાય કોઈ વધારાની અનામત રકમ અરજદારશ્રીએ ભરેલ નથી. જેથી હવે અનામત પેટે પરત કરવાની બાકી રહેતી નથી.

૨.૬ અરજદારશ્રી જો ઉપરોક્ત દર્શાવ્યા મુજબ રૂ. ૮૩,૩૦૦/-ની રકમ ભરેલ હોય તો તેની ભરેલ રસીદની ઓરિજીનલ નકલ આથવા તો રૂ.૧૦૦/- ના સ્ટેમ્પ પેપર પર લખાણ કરી આપવું જેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે.

## :: હુકમ ::

૩.૦ સુનાવણી સમયે રજૂઆત કરનારની તેમજ સામાવાળાની લેખિત રજૂઆત તેમજ રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાના આધારે નીચે મુજબના તારણ પર આવી શકાય.

૩.૧ અરજદારશ્રી સુરેશ જી. ગુરનાની ગ્રાહક નં. ૮૬૮૦૮/૦૦૧૫૯/૬થી પીજીવીસીએલ કચેરીનું ઔદ્યોગિક વીજ્જોડાણ ૭૦ કીલોવોટથી ધરાવતા હતા.

૩.૨ અરજદારશ્રીનું ગ્રાહક નંબર ૮૬૮૦૮/૦૦૧૫૯/૬થી જે ઔદ્યોગિક વીજ્જોડાણ ધરાવતા હતા. જે કાયમી ધોરણે કપાઈ ગયેલ છે.

૩.૩ અરજદારશ્રી દ્વારા ભરપાઈ કરવામાં આવેલ અનામત રકમ તેઓની અરજીના આધારે તેઓશ્રીને પરત કરેલ છે. અનામત પેટે ભરેલ રકમ રૂ. ૮૪૦૦ + રૂ. ૨૩૮૮૫ = રૂ. ૩૨,૨૮૫ પરત આપેલ છે.

૩.૪ અરજદારશ્રી દ્વારા જે-તે સમયે લોડ વધારા માટે ભરવાપાત્ર થતી રકમ રૂ. ૨૩,૮૮૫ અનામત તરીકે દર્શાવેલ છે. જે અરજદારશ્રીએ ભરેલ છે. તેમજ રૂ. ૧,૦૭,૧૮૫ – રૂ. ૮૩,૩૦૦ ની રકમ એ સમયે વીડીએસ સ્કીમ મુજબ અરજદારના લોડ મુજબ ભરવાપાત્ર અનામતની ગણતરી માટેની માત્ર વિગત છે.

૩.૫ અરજદારશ્રીના જણાવ્યા મુજબ તેઓ દ્વારા રૂ. ૮૩,૩૦૦ અનામત પેટે ભરેલ છે. તો પીજીવીસીએલ કચેરી દ્વારા તેઓ પાસે આ ભરેલ રકમની રસીદ રજૂ કરવા જણાવેલ. તેઓ આ રસીદ રજૂ કરી શકેલ નથી. આ સંજોગોમાં પીજીવીસીએલમાં જે રકમ ભરપાઈ થયેલ નથી, તે રકમ પરત આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

૩.૬ અરજદારશ્રીને વાસ્તવિક રીતે અનામત પેટે ભરપાઈ થયેલ રકમ પીજીવીસીએલ કચેરી તરફથી પરત આપવામાં આવેલ છે. હવે પીજીવીસીએલના રેકર્ડમાં અરજદારશ્રીની કોઈ ડીપોઝીટ જમા નથી.

૩.૭ આમ, અરજદારશ્રીને તેઓના જણાવ્યા પ્રમાણેની ૮૩,૩૦૦ રકમ અનામત પેટે ભરપાઈ કરેલ નથી. તે રકમ જે-તે સમયે વીડીએસ સ્કીમ મુજબ લોડ મુજબ ભરવાપાત્ર અનામતની ગણતરીની વિગત છે.

૩.૮ અરજદારશ્રીને પીજીવીસીએલ દ્વારા જે-તે સમયે આપવામાં આવેલ એસ્ટીમેટમાં લેવાપાત્ર સીક્યુરીટી ડીપોઝીટની રકમ રૂ. (૧,૦૭,૧૮૫ -૮૩,૩૦૦) = રૂ. ૨૩,૮૮૫/- દર્શાવેલ છે. તેમાં અરજદારે રૂ. ૮૩,૩૦૦/- ભરપાઈ કર્યા હોય તેવી કોઈ સ્પષ્ટતા કરેલ નથી.તેમજ આ વિવાદાસ્પદ રકમની રસીદ નંબર કે તારીખ પણ દર્શાવેલ નથી. તદુપરાંત જે-તે સમયે ગુ.વિ.બોર્ડના તેમજ પ્રવર્તમાન પીજીવીસીએલના સસ્પેન્સ રજીસ્ટરમાં કે અન્ય કોઈ જગ્યાએ આ રકમ ડીપોઝીટ તરીકે જમા હોય તેવો કોઈ આધાર પુરાવા ઉપલબ્ધ નથી.અરજદારની માત્ર તર્કસંગત રજૂઆતના અનુસંધાને અરજદાર દ્વારા જે-તે સમયે રૂ.૮૩,૩૦૦/- ભરપાઈ કરેલ છે, તે બાબત કોઈ સંજોગોમાં પ્રસ્થાપિત થતી નથી. આમ, અરજદારશ્રીની રજૂઆત માત્ર તર્કસંગત હોઈ, માન્ય રાખી શકાય નહિં.

૩.૯ આમ, અરજદારશ્રીને અનામત પેટે હવે કોઈપણ રકમ આપવાપાત્ર નથી. અરજદારશ્રીની ફરિયાદનો નિકાલ કરવામાં આવેલ છે.

(એન. એચ. જોષી)
સ્વતંત્ર મેમ્બર

(કે.બી.પારેખ)
કાર્યવાહક ચેર પર્સન

નોંધ:

(૧) અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિસામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯